# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 25-08-2026** **Midday : 2.30 to 2.35 pm**
**Day : Tuesday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **બકુલા પરમાર** વાંચે છે.

---

**(સમાચારને અંતે)**

**આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા હતા. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલૉ કરશો.**

---------------------------------------------------------------------

આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

(હવે પછી આપ સાંજે સાત વાગીને દસ મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો.)

(CLOSING MUSIC)

# JANRAKSHAK VAHAN

નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીએ આજે ગાંધીનગર ખાતેથી 500 નવા અત્યાધુનિક ‘112- જનરક્ષક’ વાહનોનું પ્રસ્થાન કરાવ્યું. આ નવા વાહનોના ઉમેરા સાથે હવે સમગ્ર રાજ્યમાં 24 કલાક કુલ એક હજાર ‘જનરક્ષક’ વાહનો કટોકટી પ્રતિભાવ માટે તૈનાત રહેશે. નવા વાહનો અને આધુનિક ટેક્નોલોજીના ઉપયોગથી આ સમયને 8 મિનિટથી નીચે લાવવાનો લક્ષ્યાંક રાખવામાં આવ્યો છે. આ પ્રસંગે રાજ્યમંત્રી કમલેશ પટેલે જણાવ્યું હતું કે, જનરક્ષક પ્રોજેક્ટના અમલીકરણના માત્ર 11 માસના ટૂંકા ગાળામાં 11 લાખ 4 હજારથી વધુ ઇમરજન્સી કોલમાં સંકલિત સેવાઓ પૂરી પાડવામાં આવી છે, જ્યારે 6 લાખ 74 હજારથી વધુ પોલીસ ઇમરજન્સી બનાવોમાં તાત્કાલિક સેવા આપવામાં આવી છે.

**(BYTE : KAMLESH PATEL, STATE MINISTER)**

# BHAVNAGAR REMAND

ભાવનગરમાં બનાવટી માદકદ્રવ્યના સેવનથી સર્જાયેલી દુર્ઘટનામાં ગઇકાલે પકડાયેલા વધુ 13 આરોપીઓના 10 દિવસના રિમાન્ડ મંજૂર થયા છે. અમારા પ્રતિનિધિ સુરેશ ત્રિવેદી જણાવે છે કે અટકાયત કર્યા બાદ, આરોપીઓને ભાવનગર અદાલતમાં રજૂ કરાયા હતા. અદાલતે પોલીસની રજૂઆતો અને દલીલો ધ્યાને લઈ તમામને 10 દિવસ માટે પોલીસ કસ્ટડીમાં મોકલ્યા છે.

# HEALTH MINISTER EYE DONATION FORTNIGHT

આરોગ્ય મંત્રી પ્રફૂલ પાનશેરીયાએ અમદાવાદમાં 41-મા રાષ્ટ્રીય ચક્ષુદાન પખવાડિયાની ઉજવણીનો પ્રારંભ કરાવ્યો. આ પ્રસંગે તેમણે લોકોને આ પખવાડિયે આંખોની સંભાળ સાથે ચક્ષુદાન અંગે જાગૃતિ ફેલાવવાનો સંકલ્પ લેવા અનુરોધ કર્યો. શ્રી પાનશેરીયાએ અંગદાન બદલ સિદ્ધિ મેળવનારી રાજ્યની સિવિલ હૉસ્પિટલ્સની પણ પ્રશંસા કરી.

(BYTE: PRAFUL PANSHERIYA, HEALTH MINISTER)

# SRT RAJYAPAL SAMVAD

રાજ્યપાલ આચાર્ય દેવવ્રતે સુરતમાં બારડોલીના ટીંબરવા ગામમાં રાત્રિસભા યોજી ગ્રામજનો સાથે આત્મીય સંવાદ કર્યો. તેમણે ખેડૂતોને રાસાયણિક ખેતી છોડી ગૌ-આધારિત પ્રાકૃતિક ખેતી અપનાવવા અનુરોધ કર્યો. સાથે જ દીકરા-દીકરીને સમાન શિક્ષણ આપવા, વ્યસનમુક્ત રાખવા અને ભાવિ પેઢી માટે વધુને વધુ વૃક્ષો વાવવા પણ રાજ્યપાલશ્રીએ અપીલ કરી.

# PLASTIC FOLDER

રાજ્યની તમામ સરકારી કચેરીઓમાં હવે પ્લાસ્ટિકના ફોલ્ડર અને ફાઈલોનો ઉપયોગ તબક્કાવાર બંધ કરાશે. સામાન્ય વહીવટ વિભાગના પરિપત્ર અનુસાર ટકાઉ અને પર્યાવરણલક્ષી કાર્યપ્રણાલીને વેગ આપવા સચિવાલયથી લઈ સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓ અને યુનિવર્સિટીઓ સુધી તમામ કચેરીઓમાં આ નિર્ણય લાગુ કરાશે. પ્લાસ્ટિકના બદલે કાગળ, શણ અને કાપડમાંથી બનેલા પર્યાવરણ અનુકૂળ ફાઈલ કવરનો ઉપયોગ કરાશે. હાલમાં કચેરીઓમાં ઉપલબ્ધ પ્લાસ્ટિક સ્ટેશનરીનો સ્ટોક પૂર્ણ થયા બાદ નવી તમામ ખરીદી આ પર્યાવરણીય દિશાનિર્દેશો મુજબ જ કરવાની રહેશે.

# SANSKRIT DIVAS OVERALL

બોટાદમાં સંસ્કૃત સપ્તાહ મહોત્સવ અંતર્ગત મૉડેલ શાળાથી જિલ્લા સેવા સદન સુધી ગૌરવ યાત્રા યોજાઈ, જેમાં સાંસ્કૃતિક ઝાંખી, વિવિધ વેશભૂષા, ધર્મરથ અને સનાતન સુવિચાર રથ આકર્ષણનું કેન્દ્ર રહ્યા. દરમિયાન ઉત્કૃષ્ટ કામગીરી કરનારા વિદ્યાર્થીઓનું સન્માન પણ કરાયું. આ અંગે જિલ્લા શિક્ષણાધિકારી ભરતસિંહ વાઢેરે વધુ માહિતી આપી.

(BYTE: BHARATSINH VADHER, DEO, BOTAD)

તો, ગીરસોમનાથમાં ટાવરચોકથી સંસ્કૃત યુનિવર્સિટી સુધી સંસ્કૃત ગૌરવ યાત્રા યોજાઈ. તેમાં શિવ-કૃષ્ણ ભગવાન સહિત પૌરાણિક પાત્રોની વેશભૂષામાં સજ્જ થયેલા વિદ્યાર્થીઓએ આકર્ષણ જમાવ્યું.

સુરેન્દ્રનગરમાં સંસ્કૃત ભાષાની જાગૃતિ, સંવર્ધન અને તેના પ્રાચીન વારસા પ્રત્યે ગૌરવની ભાવના કેળવવાના હેતુસર સંસ્કૃત ગૌરવ યાત્રા યોજાઈ. કલેક્ટર સહિતના મહાનુભાવોએ વૈદિક મંત્રોચ્ચાર સાથે યાત્રાનો શુભારંભ કરાવ્યો હતો.

નર્મદામાં નાંદોદનાં ધારાસભ્ય ડૉક્ટર દર્શના દેશમુખે રાજપીપળા નગરમાં ભિલરાજાની પ્રતિમા ખાતેથી સંસ્કૃત ગૌરવ યાત્રાનું પ્રસ્થાન કરાવ્યું હતું.